Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# તારંગા તીર્થ: એક અભ્યાસ

**Presented by**

**Rakeshkumar S.Patel**
**Ph.D Scholar**
**Department of History and Culture**
**Gujarat Vidyapith, Ahmedabad**

**Dr.K.G.Patel**
**Head & P.G In Charge**
**Department of History**
**M.N.College Visnagar**

## સારાંશ-

ગુજરાતમાં સોલંકી કાલનો સમય ઈ.સ.૯૯૮ થી ઈ.સ.૧૩૦૦ સુધીનો ગણાય છે. ગુજરાતીમાં જેને 'સોલંકી' કહે છે. તેને સંસ્કૃતમાં 'ચૌલુક્ય' કહેવામાં આવે છે. ખારાજના વંશના અભિલેખોમાં શરૂઆત માં 'શૌલકિક' '(ચૌલ્કિક)' કે ચૌલિકક' અને આગળ જતા હંમેશા 'ચૌલુક્ય' રૂપ પ્રયોજાતું એ કાળના સાહિત્યમાં ક્યારેક 'ચુલુક' પ્રાકૃતમાં 'ચુલુકક' જેવા ઇતરરૂપ પ્રયોજાતા પરંતુ સૌથી વધુ પ્રયોગ તો 'ચુલુક્ય' અને 'ચૌલુક્ય' રૂપનો જ થતો. ગુજરાતમાં સોલંકીકાળ દરમ્યાન મુળરાજ, ચામુંડારાજ, વલ્લભરાજ, દુર્લભરાજ, નાગરાજ, ભીમદેવ ૧લો, ક્ષેમરાજ, કર્ણદેવ ૧લો, દેવ પ્રસાદ, સિધ્ધરાજ, જયસિંહ, ત્રિભુવનપાળ, કુમારપાળ, મહિપાળ, કિર્તિપાળ, અજયપાળ, મુળરાજ ૨જો, ભીમદેવ ૨જો અને ત્રિભુવનપાળ નામે રાજવીઓ થઇ ગયા. જેમાં મુળરાજને સોલંકીકાળના સ્થાપક માનવામાં આવે છે. આ સમય દરમ્યાન શૈવ, જૈન ધર્મનો વધુ ફેલાવો થયો હતો. ગુજરાતમાં સોલંકીકાળને સુવર્ણયુગ કહે છે. આ સમય દરમ્યાન અનેક શિલ્પ સ્થાપત્યોનો વિકાસ થવા પામ્યો હતો. શિલ્પ એટલે પથ્થરોમાંથી કોતરકામ કરીને તૈયાર કરવામાં આવેલ દેવ-દેવીઓ, અપ્સરાઓ, નર્તકીઓ વગેરેની મૂર્તિઓ તથા વિવિધ પ્રકારની કલાનો સમાવેશ કરી શકાય. તેવી જ રીતે સ્થાપત્ય એટલે શિલ્પોથી તૈયાર કરેલ બાંધકામ જેની અંદર શિલ્પનો સમાવેશ થઇ જાય છે. સ્થાપત્યની અંદર મંદિરો, મહેલો, કિલ્લાઓ, તોરણો, જળાશયો વગેરેનો સમાવેશ થઇ શકે છે.

## તારંગાની ભૌગોલિક સ્થિતિ :-

जंबु द्विप भारत क्षेत्र में है गुजरात प्रान्त सुन्दर ।

उत्तर मे महेसाणा के आगे तारंगागिरी मनोहर ||

अरावली पर्वतमाला से सम्बन्धित पर्वत पावन |

तपोभूमि है ज्ञानभूमि निर्वाणभूमि अति मन भावन ||

वरदतादि वरंग सु सागरदत्त सिद्ध हो गए महान |

साढेतीन कोटि मूनियांने तप करके पाया निर्वाण || [१]

રમણીય કુદરત ઉત્કૃષ્ટ, શિલ્પ અને અરવલ્લીની ગીરીમાલાઓ વચ્ચે આવેલું તારંગા ગુજરાત રાજ્યના મહેસાણા જીલ્લાના સતલાસણા તાલુકામાં છેડા તરફ ટેકરીઓ સ્વરૂપે આશરે ૨૪° ઉત્તર અક્ષાંશવૃત અને ૭૨.૪૬° પૂર્વ રેખાંશવૃત પર પથરાયેલું છે. તે સાબરમતી નદીના પશ્ચિમ બાજુએ આવેલું છે. જો કે તારંગાની ટેકરીઓ વધુ પડતી ઉંચી નથી. તેની આબોહવા મનોરમ્ય છે. તેમજ દુર દુર સુધી વિશાળ જગ્યામાં ફેલાયેલ આ સ્થળનું દ્રશ્ય તેને આજુબાજુ સ્થળોથી અલગ તારવે છે.[૨] દુરથી દેખાતી ગિરિમાળાઓ વચ્ચે વનરાજી અને તેમાંથી પ્રસાર થતાં ઝરણાઓના ખળખળ નાદથી વાતાવરણ વધુ આહલાદક બને છે. આસપાસનો વન વિસ્તાર અને વચ્ચે ટેકરીઓ પર આવેલી કલાત્મક દેરાસરો, પવિત્ર તેમજ રમણીય સ્થાને જૈન તેમજ જૈનેતર યાત્રાળુઓની સતત અવર-જવર ચાલ્યા કરે છે.[૩] તારંગાની ટેકરીઓની વનોમાની ઔષધિઓ મુખ્ય છે.[૪] તારંગાની અનુપમ્તા એ હકીકતમાં રહેલી છે, કે તે જૈન સંપ્રદાયનાં પાંચ મુખ્ય મહાતીર્થોમાનું એક છે. અમદાવાદથી આશરે ૩:૦૦ કલાકની ગાડીમાં વાયા હિંમતનગર મુસાફરી પછી અંબાજીના પવિત્ર સ્થળની મુલાકાત માટે રોકાયા પછી તારંગા પહોંચવા ૫૦ કિ.મી. લાગે છે. તારંગા પહોચવા માટે મહેસાણાથી વાયા વિસનગર, ખેરાલુ થઈને તારંગા સ્ટેશન સુધી રેલ્વેની વ્યવસ્થા કરવામાં આવી છે. તારંગા રેલ્વે સ્ટેશનથી તારંગા ટેમ્પલ સુધી જવા માટે બસ તથા જીપ મળે છે. તારંગા ટેમ્પલ સુધી જવા માટે પાકો રસ્તો બનવાથી અમદાવાદ, ગાંધીનગર, વિસનગર, મહેસાણા, ખેરાલુ, પાલનપુર, આબુ રોડ, ઇડર, વિજયનગર, હિંમતનગર વગેરે શહેરોથી બસ દ્વારા સરળતા રહે છે. અરવલ્લીની ગીરીમાળાઓના બે પહાડોની વચ્ચે પવિત્ર ભૂમિ પર આ તીર્થ વસેલું છે. જે અમદાવાદ થી ૧૩૦ કિ.મી., હિંમતનગર થી ૮૦ કિ.મી., પાલનપુર થી ૭૦ કિ.મી. દુર આવેલું છે. સ્વાધ્યાય, ધ્યાન તેમજ સાધના કરવા ઈચ્છુક શ્રધાળું ભક્તો અહિયાં રહીને પોતાના જીવન ધન્ય બનાવે છે.[૫] જાણીતા લેખક ડૉ.મહેબુબ દેસાઈ પોતાના એક પુસ્તકમાં તારંગાની ભૌગોલિક સ્થિતિની રજૂઆત આ પ્રમાણે કરે છે. "મહેસાણા જંકશનથી લગભગ ૩૫ માઈલ અંતરે સતલાસણા તાલુકાના ટીમ્બા ગામની નજીક આવેલ ટેકરી પર આ તીર્થ આવેલું છે. તારંગાની મુખ્ય ટેકરીનું શિખર સમુદ્ર સપાટીથી ૪૮૬ મીટર ઊંચું છે. તારામતીના મંદિર પાસેથી ટેકરીનું શિખર ૪૪૬ મીટરની ઊંચાઈએ આવેલું છે. તારંગાની ટેકરીમાંથી રૂપેણ

નદી નીકળે છે. આ સમગ્ર પ્રદેશ આછી વનરાજીથી છવાયેલો છે. આ ટેકરીઓના પૂર્વ ભાગમાં સાબરમતી નદી વહે છે. તેના પરનો ધરોઈ બંધ નજીકમાં (૧૨ કિ.મી.) આવેલો છે."[૬]

પૌરાણિક કાળમાં પણ સ્કંદપુરાણ અને ધર્મારણ્ય પુરાણ જેવા ઉપપુરાણોમાં પણ મહેસાણા જીલ્લો આનર્ત કે અપરાંત પ્રદેશના ભાગ તરીકે વર્ણવાયો છે. વિવિધ પુરાણો અને ગ્રંથોમાં તારંગા, વડનગર, મોઢેરા અને બહુચરાજી તાલુકાઓને જુદા જુદા ક્ષેત્ર તરીકે સ્થાન અપાયું છે. આનર્તપુરનું પાટનગર વડનગર હોવાનું પણ જણાયું છે. મૌર્યકાળ, અનુમૌર્યકાળ, ગુપ્ત યુગ, મૈત્રક, ચાલુક્ય (સોલંકી) આ બધાજ કાળ મહેસાણાની ગરિમા અને સાક્ષી પુરતા જોવા મળે છે. સલ્તનત કાળ, મુઘલ કાળ, મરાઠા કાળ અને ગાયકવાડી શાસન પણ મહેસાણાના ગર્વ ઇતિહાસને સંગ્રહે છે. મહેસાણા નગર ચાવડા નામના રાજપૂત મેસાજીએ વસાવેલું હોવાનું મનાય છે. જયસિંહ બ્રહ્મભટ્ટ નામના કવિએ ઈ.સ.૧૯૩૨ માં પ્રાચીન કવિતાઓમાં વર્ણવ્યા મુજબ સંવત ૧૪૧૪ એટલે કે ઈ.સ.૧૩૫૮ માં ભાદરવા સુદની દસમે મેસાજી ચાવડા એ તોરણ વાળા માતાની સ્થાપના કરી. મહેસાણા ગામનો પાયો નાખ્યો હતો. તે પછી ગામના વસવાટનું તોરણ બાંધવામાં આવ્યું. મહેસાણાની સ્થાપનામાં એક માત્ર સાક્ષી તોરણવાળા માતાજી ૬૪૯ વર્ષથી અખંડ દીવાની જ્યોત પ્રગટાવી જીલ્લાની વિકાસ જ્યોત પ્રસરાવી રહ્યાં છે.[૭]

ગાયકવાડોએ તેમનું રાજ્ય વડોદરામાં સ્થાપ્યું. ત્યારે ઉત્તર ગુજરાતના વહીવટ માટે રાજધાનીની પસંદગી પાટણ પર ઉતારી. આ સ્થળ દૂર પડતું હતું. તેથી તેઓને ઉત્તર પ્રાંતના વડા તરીકે પ્રાચીન શહેર કડીને વડુ મથક બનાવ્યું હતું. સલ્તનત કાળથી 'કિલ્લે કડી' તરીકે કડી પ્રાંત અસ્તિત્વમાં હતું. ૧૯૦૨ માં ગાયકવાડ પ્રાંત અસ્તિત્વમાં હતું. તેનું વડું મથક મહેસાણા લાવ્યા અને (૧) દહેગામ, (૨) આંતરસુબા, (૩) પાટણ, (૪) વડનગર, (૫) વિસનગર, (૬) ખેરાલુ, (૭) વિજાપુર એમ સાત મહાલમાં ઉત્તર પ્રાંતનો વહીવટ આપ્યો. મહેસાણા પ્રાંતમાં ગાયકવાડે નાખેલી ૨૫૭ કિ.મી. ની રેલ્વે તા. ૨૧/૩/૧૮૮૭ થી પ્રાંતના મુસાફરો ને સેવા આપી રહી છે.[૮] ૪૪૮૪.૧૦ ચો.કિ.મી. ક્ષેત્રફળ ધરાવતો મહેસાણા જીલ્લો ગાંધીનગર અને પાટણ જીલ્લાનો બનેલો હતો. ઈ.સ. ૧૯૯૭ માં ગુજરાત રાજ્યની બરાબર મધ્યમાં આવેલા મહેસાણા જિલ્લામાંથી પાટણ જીલ્લો છૂટો પાડ્યા પછી ૧૧ તાલુકાનો બનેલો મહેસાણા જીલ્લો અનેક વિશિષ્ટતાઓ ધરાવે છે. નવરચના મુજબ હાલ આ જીલ્લામાં (૧) મહેસાણા, (૨) વિસનગર, (૩) વિજાપુર, (૪) વડનગર, (૫) ખેરાલુ, (૬) સતલાસણા, (૭) ઉંઝા, (૮) બેચરાજી, (૯) કડી, (૧૦) જોટાણા, (૧૧) ગોઝારીયા તાલુકાઓનો સમાવેશ થાય છે. ઉપરોક્ત ૧૧ તાલુકાઓમાં સતલાસણા તાલુકો નોંધપાત્ર સ્થાન ધરાવે છે. કારણ કે જૈન તીર્થ સ્થાન તારંગા સતલાસણા તાલુકાને ધન્યતા આપે છે.[૯] ઉપર જણાવ્યા મુજબની તાલુકાઓની નવરચના પૂર્વ તારંગા એ ખેરાલુ તાલુકાનો એક ભાગ હતો. પરંતુ વહીવટી સરળતાના કારણે નવા રચાયેલા સતલાસણા તાલુકામાં

તારંગાનો સમાવેશ કરાયો.[૧૦] નજીકમાં સાબરમતી નદી પર આવેલ ધરોઈ ડેમ પણ વિશિષ્ટ આકર્ષણ ધરાવે છે.

હવે વાત કરીએ તો તારંગા તીર્થના ઇતિહાસની જૈનોને પર્વતીય સ્થળો પર તિર્થધામો સ્થાપવામાં અત્યંત રૂચી હતી. પૂર્વ ભારત સ્થિત મગધમાં અર્હત પાર્શ્વની નિર્વાણ ભૂમિ સમ્મેદ શૈલી કે સમ્મેત શિખર, મધ્યપ્રદેશમાં સોના ગિરી, કર્ણાટકમાં શ્રવણ બેલગોળ, કોપ્પણ અને હુમ્બસ તથા પશ્ચિમ ભારતમાં સૌરાષ્ટ્રમાં ઉજ્જયંતગિરી (ગિરનાર) તેમજ શેત્રુંજયગિરી (શેત્રુંજો) અને રાજસ્થાનમાં અર્બુદાગિરી (આબુ પર્વત) તથા જબાલિપુર (જાલોર) નો કાંચનગિરી પ્રસિદ્ધ છે. એ જ પર્વતીય તિર્થોની શ્રેણીમાં ઉત્તર ગુજરાતમાં અડાવલા (અરવલ્લી) ની ટેકરીઓમાં આવેલા તારંગાના જિનેશ્વર શ્રી અજીતનાથના તિર્થનેમુકી શકાય.[૧૧] ટીમ્બા ગામ પાસે ખંડેર કિલ્લા પછીની ટેકરીઓની વચ્ચે મધ્યકાલીન તારંગાનો પહેલા મોઢા આગળના પ્રકારમાં તિર્થંકર પરમાત્માશ્રી અજીતનાથનો શ્વેતાંબર સંપ્રદાયનો મંદિર સમુહ અને તરત જ પાછળ તેની પશ્ચિમે જરા ઊંચાણમાં દિગંબર સંપ્રદાયના અધિકારનું નાના નાના  જીનાલયોનું ઝૂમખું આવેલું છે.

તારંગા અભિધાનની વ્યુત્પત્તિ અને ઈતિહાસ વિશેની એકદમ સ્પષ્ટતા નથી. વર્તમાને અસ્તિત્વમાન જૈન મંદિરોથી વિશેષ પ્રાચીન એવી મહાયાનિક બૌદ્ધ સંપ્રદાયની નાની બૌદ્ધ ગુફા નંબર.૧ માં આઠમાં શતકના અંતમાં નવમી સદીમાં મુકી શકાય તેવી બૌદ્ધ દેવી તારા ભગવતીની ઉપાસ્થ મૂર્તિ છે. કહેવાય છે કે લગભગ ૧૨૦૦ ફૂટ (૩૪૦ મીટર) ઊંચા પર્વત પરથી દેવી તારાની મૂર્તિ મળી અવવાથી આ સ્થળ “તારંગા”  તરીકે પ્રસિદ્ધ પામ્યું.[૧૨]  બૌદ્ધ દેવીઓમાં તારા મુખ્ય છે. એના અનેક સ્વરૂપ છે. ડાબા હાથમાં ઉત્પ્લલ ધારણ કરે છે. જ્યાં જમણા હાથ વરમુદ્રામાં હોય છે. તારાઓ જુદા ધ્યાની બુદ્ધોમાંથી ઉદભવી હોય એવું મનાય છે.[૧૩]

ગુજરાતમાંથી તારાની બે મૂર્તિઓ મળી છે. તેમાં તારંગા પર્વત ઉપર આવેલી તારણ ધારણથી ઓળખાતી તારાની મૂર્તિ મુખ્ય છે. તારંગા પર્વત ઉપર અજીતનાથ ભગવાનના મંદિરની પાછળની બાજુ નીચે ઉતરતા અને ગુફામાં તારાની તેમજ બીજી નાની-નાની નવ મૂર્તિ બેસાડેલી છે. તેને ત્યાંના આદિવાસીઓ “તારામતી” તરીકે ઓળખાવે છે. આ ગુફામાં ઘણી મૂર્તિઓ હોવાથી તેમાં બીજી પ્રતિમાઓ સ્પષ્ટ રીતે ઓળખાવી શકાય છે.[૧૪]

આ ગુફાથી થોડે દુર નાની દેરીમાં તારાની ૪ ફૂટ ઉંચી સુંદર મૂર્તિ બેસાડેલી છે. તેને “ધારીણી” માતા તરીકે ઓળખવામાં આવે છે. ધારણમાતા તરીકે ઓળખાતી પ્રતિમા બૌદ્ધ મૂર્તિ વિજ્ઞાનમાં જણાવ્યા પ્રમાણે વરદ માતાની મૂર્તિ જણાય છે. આ પ્રતિમા સફેદ આરસમાંથી બનેલી છે. તેમાં દેવી લલિતાસનવાળી કમળ પર બેઠેલા તેનો ડાબો પગ વળેલો, જ્યારે જમણો પગ લટકતો નીચેના કમળ ઉપર મુકેલો, હાથ બે તે પૈકી જમણો હાથ તૂટેલો હોવા છતાં તેના અવશેષો પરથી તેમાં વરમુદ્રા જણાય છે. માથા પર મુકુટ થી ઉંચે અક્ષોભ્યની

પ્રતિમા અને તેની બંને બાજુ પંખાવાલા તેમજ બે હાથે પુષ્પ માળા પકડીને બેઠેલા વિધ્યાધરો માથાની પાછળ પ્રભામંડળ શરીર ઉપર અલંકારો ધારણ કરેલી તારાની આ એક અનુપમ પ્રતિમા હોવાનું જણાય છે. તારંગાથી પહેલા ભીમપુર પાસે તારણ ધારાણ માતાનું મંદિર ટેકરા ઉપર આવેલું છે. દુરથી દેખાતી ગિરિમાળાઓ વનરાજી અને તેમાંથી પ્રસાર થતાં ઝરણાઓનાં ખળખળ નાદથી વાતાવરણ વધુ આહ્લાદક બને છે. દંતકથા મુજબ અહી આવેલા તારણ ધારણમાતાને ભેંસને પાડી જનમતાજ પ્રસાદ ધરાવવાનો અને ગરબો મુકવાનો રીવાજ પ્રચલિત છે.[૧૫]

શ્વેતાંબર સંપ્રદાયના બૃહદગચ્છીય આચાર્ય શ્રી સોમપ્રભસુરીના મહારાષ્ટ્રી પ્રાકૃતમાં નિબદ્ધ જિનધર્મ પ્રતિબોધ અંતર્ગત વેણી વત્સરાજ નામના રાજાએ અહી તારા દેવીની મૂર્તિની સ્થાપના કરેલી અને ત્યાં આગળ તારાઉર એટલે કે “તારાપુર” નામનું ગામ વસેલું એવું કથન મળે છે. આ કોઈ બહુ મોટી વસાહત નગર જેવડી હોવાનો સંભવ નોહોતા તેનું વ્યવહારમાં નામ “તારાગ્રામ” જેવું થઇ “તારંગા” બન્યું હોય એવો સંભવ છે. અહીના મધ્યકાળના અભિલેખોમાં તેના તારંગક, તારણ દુર્ગ, તારણ ગઢ, જેવા અભિધાનો પ્રાપ્ત થાય છે. જે વિષે અહી આગળ નિર્દેશ થશે. પરંતુ તારાપુર વસ્યા અહી કોઈ જૈન સ્થાન હોવાનો સંભવ નહીવત છે. દિગંબરેતર સંપ્રદાયના સંભવત દાક્ષીણાત્ય, જૈન જયસિંહનંદીના વારાંગચરિત (પ્રાય: ૭ મી સદી) નામ જૈન પૌરાણિક ગ્રંથમાં આનર્તપુર અને સરસ્વતી મણીમાન પર્વત અને રાજા વરાંગે બંધાવેલો જિનાલયનો ઉલ્લેખ આવે છે. આ માણીમાન પર્વત તે સમયના મધ્યકાળનો તારંગા પર્વત હોવાનું સૂચન થયું છે. અલબત્ત કોઈ જ ૧૧ મી સદી પૂર્વના નથી. અહીં દિગંબર નીચેના મંદિરની પાછળની પહાડીમાં એક દરી-કુ-ગુફા આવેલી છે. જેમાં (અચેલ સંપ્રદાય) જૈન મુનિઓ ધ્યાન કરતા હોવાની પરંપરા છે.

તારંગા સંબંધ આજુબાજુ પ્રાચીન સ્થાનોની વિગતો અહી દેવાનું સંદર્ભગત ન હોવાથી મુખ્ય વાત પર આવીએ તારંગા પર્વત પર ચોગાનની વચ્ચોવચ ભગવાન અજિતનાથનું જિનાલય આવેલું છે. કહેવાય છે કે ગુજરાતના રાજા કુમારપાળે સંવત ૧૨૧૨ આસપાસ આ ચૈત્ય બંધાવેલું.[૧૬] તેના પ્રાંગણમાં એક દેરીમાં સુરક્ષિત સ્તંભ પર કુમારપાળના શાસનના વર્ષનો લેખ છે. મંદિરના મૂળ પ્રશસ્તિલેખ ઉપલબ્ધ નથી. આ મંદિરમાંથી મંત્રીશ્વર વસ્તુપાલે ઈ.સ. ૧૨૨૯ માં ખતક સમેત ભરાવેલી પ્રતિમાઓનો લેખ પ્રાપ્ત થાય છે. જેની પ્રતિષ્ઠા એમના કુલગુરુ નાગેન્દ્રગચ્છીય આચાર્ય શ્રી વિજયસેનસૂરી એ કરેલી વસ્તુપાળ તેજપાળનાં સમકાલીન વરહુંડિયા કુટુંબના દેવકુલની લુણાવસહીની દેવકુલિકાના સંવત ૧૨૯૬ નાં પ્રશસ્તિ લેખ મુજબ એમના તરફથી પણ અહી જિનબિંબ સહિત ખત્તક કરાવવામાં આવેલો જે ઈ.સ. ૧૨૪૦ થી થોડા વર્ષ પૂર્વ બન્યો હશે. ત્યારબાદ સંવત ૧૩૦૪ અને સંવત ૧૩૦૫ (ઈ.સ. ૧૨૪૮) માં અહી રાજગચ્છીય વાદીદ્ર શ્રી ધર્મઘોષ સુરિની પરંપરાના આચાર્ય શ્રી ભુવનચંદ્ર સુરિએ અજિતનાથ નાં બે બિંબોની પ્રતિષ્ઠા કરાવેલી આજે તો અલબત્ત લેખો જ અવશિષ્ટ રહ્યાં છે. મુળ બિંબો નષ્ટ થઇ ચુક્યા છે. ૧૫ માં શતકના મધ્યભાગમાં રચાયેલા મુનિશ્રી

રત્નમંડનગણિકૃત ઉપદેશતારંગીણી તથા સુકૃત સાગર ગ્રંથોની નોંધને આધારે માલવમંત્રી પૃથ્વીધાર(પથેડ) પુત્ર ઝાંઝણ અહી ગયાગચ્છીય આચાર્યશ્રી ધર્મઘોષસુરિ સંગાથે પ્રાય ઈ.સ. ૧૨૬૪ માં સંઘ સહીત યાત્રાર્થે આવેલા અને ૧૩ માં શતકના અંત ભાગે ખરતરગચ્છીય તૃતીય આચાર્યશ્રી જિનચંદ્રસુરિ પણ સંઘ સહિત વંદના દેવા આવી ગયેલા આમ તારંગાની ૧૩ માં શતકમાં તીર્થરૂપે ખ્યાતી બની ચુકેલી.[૧૭] કુમારપાળનાં અનુગામી અજયાપાળે પૂર્વે પોતાના ગાદીવારસ રૂપે રદ કરવાની સલાહ આપનાર મંત્રીઓ (મહામાત્ય કપર્દી, મંત્રી આમ્રભટ્ટ) અને કાલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના પટ્ટશિષ્ય આચાર્યશ્રી રામચંદ્ર ને ક્રુરતાપૂર્વક મારી નંખાવ્યા અને કુમારપાળે તેમજ તેમના પૂર્વોક્ત મંત્રીઓએ કરાવેલ જિનાલાયોના ઉત્થાપન કરાવેલા. તેમાંથી તારંગાના મહાન જિનાલયને કેવી રીતે યુક્તિ પૂર્વક પાટણના શ્રેષ્ઠી આભડ વસાહ દ્વારા બચાવી લેવામાં આવ્યું તે સંબંધની હકીકત નાગેન્દ્રગચ્છીય શ્રી મેરુતુંગાચાર્યના પ્રબંધ ચિંતામણી (સંવત ૧૩૬૫) અને પછીના કેટલાક પ્રબંધોમાં નોંધાયેલી છે. પરંતુ ૧૪માં શતકના પ્રારંભમાં મુસ્લિમ આક્રમણ (અલાઉદ્દીન ખલજીનું આક્રમણ) અને અણહિલપત્તન પરના મુસ્લિમ આક્રમણ અને તે દરમ્યાન ગુજરાતના મોટા ભાગના બ્રાહ્મણીય મંદિરો ખંડિત થયા અને કેટલાયનો ઘરમૂળથી નાશ કરવામાં આવ્યો. એ સપાટામાંથી તારંગાનું આ ચૈત્ય રહી શકેલું નથી. એ સંબંધની નોંધ ૧૫માં સૌકાના પ્રથમ ચરણમાં તપાગચ્છીય આચાર્યશ્રી તારણ મુનિસુંદરસુરિના રત્નકોષ અંતર્ગત શ્રી તારણ દુર્ગાલંકાર શ્રી અજિતસ્વાતમાં લેવામાં આવી છે. ત્યાં કહ્યા મુજબ થયેલા ભંગ પશ્ચાત ઈડરના સંઘાધિપતિ સાધુ આરસણનાં આરસનું નુતન બિંબ ઘડાવી તેમાં પૂર્ણ કરાવેલી. આચાર્યશ્રી સોમસુંદરના પટ્ટશિષ્ય અને ગોવિંદ શ્રેષ્ઠીએ આચાર્યશ્રી સોમસુંદરસુરિ પાસે પ્રતિષ્ઠા કરાવેલી. જે હકીકતની સંક્ષિપ્તરૂપે નોંધ સોમચરિત ગુરુગુણરત્નાકાર કાવ્ય (સંવત ૧૫૪૧)માં પણ ગોવિંદનું નામ દેતા મુળ બીમ્બના ઘસાઈ ગયેલા લેખ પ્રતિષ્ઠા વર્ષ સંવત ૧૪૭૯ હતું. ૧૫માં શતકના આરંભે સુલતાન અહમદશાહનાં ઝવેરી ગુણરાજે આચાર્યશ્રી સોમસુંદરસુરિ સાથે તીર્થયાત્રા કરી તેમાં તારંગાનો પણ સમાવેશ હતો.

ઉપર્યુક્ત ગોવિંદ શ્રેષ્ઠીએ થયેલા નુકશાનને પણ દુરસ્ત કરાવ્યું હશે. નવ ભારપટ્ટ (ભારોટો) ચઢાવ્યાની નોંધ પણ "સોમસૌભાગ્ય" કાવ્યમાં લેવાઈ છે. ૧૭માં સૌકામાં આવતા દેવાલયના બાંધકામને ખાસ તો ગૂઢ મંડપના અંદરના ભાગમાં ટેકણોથી મજબુત કરવાનો પ્રયત્ન સંવત ૧૬૮૨ થી ૧૬૮૮ વચ્ચેના વર્ષમાં થયેલો જોવા મળે છે. જેનો યશ અંચલગચ્છીય આચાર્યશ્રી કલ્યાણસાગરસુરિ સ્વવિરચિત રાસમાં જામનગર કચ્છના શ્રેષ્ઠબંધુઓ વર્ધમાન શાહ અને પદમસી શાહને આપે છે. પણ તપાગચ્છીય પદાવલીની નોંધ અનુસાર ઉદ્ધાર હરીવિજયસુરિ શિષ્ય આચાર્ય શ્રી વિજયસેનસુરિના ઉપદેશથી થયેલો.

આજે તારંગા પ્રવાસન સ્થળ તરીકે સમગ્ર ગુજરાત તેમજ ભારતમાં ખ્યાતી ધરાવે છે. ઉત્તર ગુજરાતના વિવિધ ધાર્મિક પર્યટન સ્થળોમાં નોંધપાત્ર સ્થળ છે.

## -: પાદ નોંધ :-

(૧) "તારંગા સિદ્ધિક્ષેત્ર પૂજા", શ્રી દિગંબર જૈન પ્રબંધ કારિણી કમીટી, તારંગા ટેમ્પલ, પૃષ્ઠ-૧.

(૨) "વાયબ્રન્ટ ગુજરાત", ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત અંગ્રેજી પત્રિકાનો ગુજરાતી અનુવાદ, મેં. ૨૦૦૭, પૃષ્ઠ-૫ થી ૯.

(૩) "મનોહર મહેસાણા", કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણા દ્વારા પ્રકાશિત પુસ્તિકા, ૨૦૦૬, પૃષ્ઠ,૨,૫.

(૪) "વિકાસવાટિકા", (મહેસાણા જિલ્લાની પાંચ વર્ષની વિકાસયાત્રા), કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા દ્વારા પ્રકાશિત પુસ્તિકા, ૨૦૦૭ પૃષ્ઠ-૫૨.

(૫) "તારંગા સિદ્ધક્ષેત્ર પૂજા", પૂર્વોક્ત, ક્રમાંક-૧, પૃષ્ઠ-૧.

(૬) દેસાઈ મહેબુબ, "ગુજરાતમાં પ્રવાસન", દ્વિતીય આવૃત્તિ, ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ મેં-૦૦૬ પૃષ્ઠ-૭૪,૭૫.

(૭) વ્યાસ રજની, "ગુજરાતની અસ્મિતા", ત્રીતીય આવૃત્તિ, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૨, પૃષ્ઠ-૪૧.

(૮) "વિકાસવાટિકા", પૂર્વોક્ત, ક્રમાંક-૪, પૃષ્ઠ-૫૨.

(૯) એજન, પૃષ્ઠ-૪૩.

(૧૦) એજન, પૃષ્ઠ-૪૪.

(૧૧) ઢાંકી મધુસુદન, "તારંગા તિર્થ", તૃતીય આવૃત્તિ, શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ, ૨૦૦૪, પૃષ્ઠ.૧.

(૧૨) "ગુજરાત", ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ, પૃષ્ઠ-૧૮૩.

(૧૩) દવે કનૈયાલાલ ભાઈશંકર, "ગુજરાતનું મૂર્તિ વિધાન", દ્વિતીય આવૃત્તિ, પુરાતાત્વખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ,૧૯૯૩, પૃષ્ઠ-૫૨૩.

(૧૪) એજન, પૃષ્ઠ-૫૨૫.

(૧૫) "મનોહર મહેસાણા", કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા દ્વારા પ્રકાશિત પુસ્તિકા, ૨૦૦૬,પૃષ્ઠ.૮,૯.

(૧૬) વ્યાસ રજની, "ગુજરાતની અસ્મિતા" તૃતીય આવૃત્તિ, અક્ષરા પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૦, પૃષ્ઠ.૪૧.

(૧૭) ઢાંકી મધુસુદન, પૂર્વોક્ત, ક્રમાંક-૧૧, પૃષ્ઠ-૩.